## અધિક પોલીસ મહાનિદેશક, સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ, ગુ.રા.ગાંધીનગર ખાતે પોલીસ ખાતા માટે કરારના ધોરણે કાયદા સલાહકારની જગ્યાઓ ઉપર નિમણુક

અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ ગુ.રા.ગાંધીનગર ખાતે ૧૪ કાયદાકીય સલાહકારની સરકારશ્રી દ્વારા મંજુર થયેલ જગ્યા ઉપર કરાર ધોરણે નિમણૂંક આપવાની છે.

**જગ્યાઓ-૧૪**

સંભવિત નિમણૂંક નું સ્થળ

| ક્રમ | કચેરી નુ નામ અને સ્થળ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર | ૦૨ |
| ૨ | અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વેઝ) ગાંધીનગર | ૦૧ |
| ૩ | પોલીસ કમિશ્નરશ્રી ,અમદાવાદ | ૦૧ |
| ૪ | પોલીસ કમિશ્નરશ્રી ,સુરત | ૦૧ |
| ૫ | પોલીસ કમિશ્નરશ્રી ,વડોદરા | ૦૧ |
| ૬ | પોલીસ કમિશ્નરશ્રી , રાજકોટ | ૦૧ |
| ૭ | પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય | ૦૧ |
| ૮ | પોલીસ અધિક્ષકશ્રી સુરત ગ્રામ્ય | ૦૧ |
| ૯ | પોલીસ અધિક્ષકશ્રી ભરુચ | ૦૧ |
| ૧૦ | પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર | ૦૧ |
| ૧૧ | પોલીસ અધિક્ષકશ્રી જામનગર | ૦૧ |
| ૧૨ | પોલીસ અધિક્ષકશ્રી ભાવનગર | ૦૧ |
| ૧૩ | પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા | ૦૧ |

ઉમેદવારે ઇન્ટરવ્યુ માટે આ હેતુ માટે બનાવવામાં આવેલ કમિટી સક્ષમ આપવામાં આવે તે તારીખ સમયે અને સ્થળે હાજર રહેવાનું રહેશે.

- ઇન્ટરવ્યુમાં હાજરી માટે ઉમેદવારને કોઇ ભાડા ભથ્થુ ચૂકવવામાં આવશે નહી.

**લઘુત્તમ શૈક્ષણિક લાયકાત:**

- માન્ય યુનિવર્સિટીમાંથી કાયદા સ્નાતકની પદવી તથા કાયદાના ક્રિમીનલ ગુનાના કેસોમાં ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારો એ આ જગ્યાની અરજી માટે પાત્ર ગણાશે, નિમણૂક ના સમય દરમિયાન ઉમેદવારને પોતાની ખાનગી પ્રેક્ટીસ કરવાનો હક રહેશે નહી.

**અપેક્ષિત ગુણવત્તા :**

- કાયદા ક્ષેત્રમાં અગ્રગણ્ય વકીલ સાથે કામગીરી નો અનુભવ
- અસીલ માટે લડવામાં આવેલ કેસમાં તરફેણમાં આવેલ ચુકાદા નિમણૂંક માટે ગુણવત્તા ગણાશે.
- જે માટે ઓછામાં ઓછુ આવો એક ચુકાદો (નકલ સાથે) દર્શાવી તેની વિગત આપવાની રહેશે.

નિમણૂંક પામતા ઉમેદવારે કરાર આધારિત નિમણૂંક હોઇ, નક્કી કરાયેલ ધોરણનુસારનો કરાર કરવાનો રહેશે. કરારની શરતો સરકારશ્રી તથા પો.મહા અને મુ.પો અધિશ્રી ગુ.રા.ગાંધીનગર દ્વારા થતા નિયમો અને તેમાં થતા વખતો-વખતના સુધારા નિમણૂંક પામતા ઉમેદવાર ને બંધનકર્તા રહેશે.નિમણૂંક પામતા ઉમેદવારને કરવાના થતા કરાર અન્વયેની બોલીઓ તથા શરતો આ સાથે નિરીક્ષણ અર્થે મુકેલ છે. પોલીસ ખાતામાં કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ) ની ૧૪ જગ્યાઓ પ્રારંભિક વર્ષ-૧ માટે કરાર ના ધોરણે ભરવા માટે ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરુરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે તા,૨૧/૦૮/૨૦૧૪ સુધીમાં અધિક પોલીસ મહાનિદેશક, સી.આઇ.ડી.ક્રાઇમઅને રેલ્વેઝ, ગુજરાત રાજય,ગાંધીનગર ના સરનામે રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી મોકલી આપવાની રહેશે. ઉકત દર્શાવેલ તારીખ બાદ આવેલ અરજીઓ માન્ય ગણાશે નહી.

પરિશિષ્ટ -૧

## કાયદા અધિકારીશ્રીની નિમણૂંક માટે બોલીઓ અને શરતો

(૧) શ્રી (નિમણૂંક અપાતા ઉમેદવારનુ નામ) આ નિમણૂંક તેઓ હાજર થાય તે તારીખ થી પ્રથમ તબક્કે ૧૨ માસની મુદત માટેની રહેશે.

(૨) નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર એ બંને પક્ષો એક માસની નોટીસ આપીને કરાર નિયુક્તિનો અંત લાવી શકશે.

(૩) તેઓએ કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે

(૪) તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ માં જણાવ્યા પ્રમાણે ની રહેશે.

(૫) તેઓને રૂ. ૨૦,૦૦૦/ (અંકે રૂપિયા વીસ હજાર પુરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર થશે.

(૬) ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઇ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહિ..

(૭) કરારના સમયગાળા દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ જાતનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહી મોઘવારી ભથ્થુ, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા લાભો મળવા પાત્ર થશે નહી

(૮) કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ વધારાનુ પેન્શન ,બોનસ,એલ.ટી.સી.એન્કેશમેન્ટ ઓફ લીવ,પેશગી કે તેવા અન્ય કોઇ પ્રકારના નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહી.

(૯) કરારના સમયગાળા દરમ્યાન તેઓનુ અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુબીંજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઇ નાણાંકીય લાભ એક્ષગ્રેસીયા લાભ કેરહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહિ

(૧૦) તેઓના કામકાજનો સમય કચેરીના સમય મુજબનો રહેશે અને તે અનુસાર કચેરીમાં હાજરી. આપવાની રહેશે.પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઇ વળતર ભથ્થુ આપવામાં આવશે નહિ.

(૧૧) તેઓને વર્ષ દરમ્યાન ૧૨ પરચુરણ રજા કચેરીના વડાશ્રી ની પૂર્વમંજુરીથી મળવાપાત્ર થશે. અને અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહિ. અનિવાર્ય સંજોગોના કારણે જો તેમને વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાં થી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

(૧૨) તેઓએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનુ ફરજીયાત રહેશે. અને કચેરીના વડા શ્રી ની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી

(૧૩) તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસ પર જવાનુ થાય તો તેવા પ્રસંગે સરકારના વર્ગ -૧ અધિકારીશ્રીને મળતાલઘુત્તમ ગ્રેડ-પેના પગાર ધોરણમાં મળવાપાત્ર પાંચમાં પગાર પંચ મુજબના પગારના લઘુત્તમ પગાર ધોરણ મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે.

(૧૪) તેઓને ગુજરાત મુલ્કી સેવા (વર્તુણક) ૧૯૭૧ તથા ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ)-૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે. અને તેનો ભંગ થયે કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગરસમાપ્ત કરી શકાશે.

(૧૫) તેઓને મળનાર માસિક એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનુ બોન્ડ આપવાનુ રહેશે.

(૧૬) સરકારશ્રી તરફ થી વહિવટી હિતમાં બીજી કોઇ જરુરી  શરતો નક્કી થાય તે પણ બંધન કર્તા રહેશે.

(૧૭) વ્યવસાય વેરા કપાત ફીક્સ પગારમાંથી કરી લેવાનો રહેશે.

(૧૮) નિમણૂંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇ પણ પ્રકારના ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહી.

(૧૯) કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહી.

(૨૦) ઉપરોકત  શરતો નિમણૂંક પામનાર વ્યકતિને સ્વીકાર્ય છે.તે અંગે નુ સંમતિપત્ર મેળવવાનુ રહેશે.

(૨૧) તેઓએ દર ત્રણ મહિને કેટલા કેસ માં હાજર રહ્યા, કેટલા કેસનો નિકાલ થયો તે પૈકી કેટલા કેસો માં સરકાર પક્ષેચુકાદા આવ્યા અને કેટલા કેસમાં  સરકાર વિરુધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસ વાર ચોક્કસ માહિતી કચેરીના અધિકારશ્રીને અચુક રજુ કરવાની રહેશે.

ચેરમેન
અધિક પોલીસ મહાનિદેશક
સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ,
ગુ.રા.ગાંધીનગર

## કાયદાકીય સલાહકાર તરીકે પોલીસ ખાતામાં કરારના ધોરણે નિમણૂક માટેનું અરજી ફોર્મ

પાસપોર્ટ ફોટો

| | | |
|---|---|---|
| ૧ | નામ | |
| ૨ | જન્મ તારીખ | |
| ૩ | સરનામું | રહે.................................................<br>..........................................................<br>ટેલી./મો/ઇ-મેલ.......................................<br>કચેરી.................................................<br>..........................................................<br>ટેલી./મો/ઇ-મેલ....................................... |
| (એ) | હાલનુ પ્રેકટીસનું સ્થળ. | |
| ૪ | શૈક્ષણિક લાયકાતની વિગત. (સ્નાતકથી શરૂ કરી) | |

| પાસ કરેલ પરીક્ષા | પાસ કર્યાનુ વર્ષ | કોલેજ | યુનિવર્સિટી | મેળવેલ વર્ગ/ગ્રેડ | ટકા અને માર્કસ | ખાસ વિષય |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | વકીલ તરીકે સનદ મેળવ્યાની તારીખ. | | | | | |
| ૬ | અનુભવ (ગુના અંગેના કેસો) | | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઇકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
| | (i) | At Bar (in year) | | | | |
| | (ii) | No,of criminal case handled | | | | |
| | (iii) | No of cases when appeared on behalf of | | | | |
| | | (a) | ACB<br>Central,state Government,<br>Ministrise & Organizations | | | |
| ૭ | લડવામાં આવેલ અગત્યના કેસો (સંખ્યા) (કેસ નં-સાથે) કુલ આંકડો | | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઇકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
| ૮ | કેસોમાં મળેલ સફળતા(સંખ્યા) (આંકડા નં-સાથે) | | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઇકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
| ૯ | કોઇ સંસ્થા/સરકાર (રાજ્ય/કેન્દ્ર)સરકારી વિભાગ/ખાનગી સંસ્થાના પેનલ વકીલ તરીકે કામગીરી સંભાળતા હોય/સંભાળેલ હોય તો તેની વિગત | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | અગાઉ ગુન્હો દાખલ થયેલ હોય તો તેની વિગત/બાર કાઉન્સીલ દ્વારા કોઇ શિક્ષાત્મક કાર્યવાહી થયેલ હોય કે ચાલુ હોય તેની વિગત. | | | | |
| ૧૧ | નિમણૂક માટેના સ્થળની અગ્રતા | ૧. | ૨. | ૩. | ૪. |

અરજીમાં દર્શાવેલ તમામ વિગત અમારી માન્યતા મુજબ સાચી છે.

સ્થળ:-

તારીખ:-

.............................................................

(ઉમેદવારની સહી)

નોંધ:- (૧) અરજી સાથે ઉપર જણાવેલ વિગતોનો જરૂરી આધાર અચૂક મોકલવાના રહેશે,

(૨) અસીલ માટે લડવામાં આવેલ કેસમાં તરફેણમાં આવેલ ચુકાદાના એક જજમેન્ટની નકલ ફરજીયાત બિડાણ કરવાની રહેશે.